આંક–**૧૮** ની પુરશીશ ના આધારે આંક–૧ નીચે હુકમ

**ફોજદારી કેસ નંબર ૧૧૧૧/૨૦૨૨**

પુરશીશ તેમજ કેસ નુ રેકર્ડ વંચાણે લેવામા આવેલ છે. પુરશીશ આપી ને ફરિયાદી તરફે કેસ વિથડ્રો કરવા માંગતા હોવાની રજુઆત કરેલ.

પુરશીશ સંદર્ભે ફરિયાદી ને પુછતા તેમણે કેસ વિડો કરવા માંગતા હોવાની રજુઆત કરી છે. પુરશીશ સંદર્ભે રજુઆત સાંભળ્યા બાદ અદાલત ને સંતોષ થતા પુરશીશ ને રેકર્ડ નો ભાગ બનાવી **આંક–૧૮** થી દાખલ કરી છે. આમ અહી ફરિયાદી જ પોતાનો કેસ વિથડ્રો કરવા માંગતા હોવાની રજુઆત કરવામા આવી છે. ફરિયાદીની પુરશીશ સંદર્ભે કાયદાકીય જોગવાઇ તેમજ કેસ નુ રેકર્ડ જોતા, આરોપી સામેનો કેસ નેગોશિયેબલ ઇન્સટ્રુમેન્ટ એકટ ની કલમ ૧૩૮ મુજબ ના ગુના બદલ નોંધવામા આવ્યો છે. આ કામે આરોપી પર આરોપવામાં આવેલો ગુનો સમન્સ ટ્રાયેબલ પ્રકારનો છે. આ કેસ ખાનગી ફરિયાદ ના આધારે દાખલ થયો છે. હવે ફોજદારી કાર્યવાહી ના કાયદા ૧૯૭૩ ની કલમ ૨૫૭ મુજબ જો ફરિયાદી, અદાલત ને સંતોષ થાય તેવી રીતે સાબિત કરી શકે કે ફરિયાદ પાછી ખેચવા માટે પુરતા કારણો છે તો અદાલત આરોપી કે આરોપીઓ વિરુદ્ધની ફરિયાદ પાછી ખેચવાની પરવાનગી આપી શકે. અહી ફરિયાદી જ સ્વેચ્છા એ પોતાની ફરિયાદ પાછી ખેચવા માંગતા હોઇ ફરિયાદ પાછી ખેચવાની પરવાનગી આપવી ન્યાયોચિત છે. આથી ફરિયાદી ને ફરિયાદ પાછી ખેચવાની પરવાનગી આપી, કેસ વિથડ્રો થી ફેસલ ગણવાનો અને આરોપી ને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ૦૯/૦૯/૨૦૨૩ ના રોજ જાહેર કર્યો.

તારીખ: – ૦૯/૦૯/૨૦૨૩

સ્થળ– ધનસુરા

એચ જે ઝાલા
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક
ધનસુરા
જજ કોડ જીજે–૦૧૩૬૯